# સંઘવિજય

223 તપાગચ્છીય જૈનાચાર્ય હીરવિજયસૂરિ પાસે લુંકામતના આચાર્ય મેઘજી ઋષિએ શ્વેતામ્બર મતની દીક્ષા સં. ૧૬૨૮માં અમદાવાદમાં લીધી હતી, અને તેમનું ઉદ્યોતવિજય નામ રાખવામાં આવ્યું હતું. મેઘજી સાથે તેમના અનુયાયી શિષ્યો પણ હતા, તેમાંના મુખ્ય શિષ્ય ગુણવિજયના શિષ્ય સંઘવિજયે સંવત ૧૬૭૯માં 'સિંહાસન બત્રીસી' રચી છે.

સંઘવિજયે રચેલાં બીજા કાવ્યોમાં સં. ૧૬૬૯માં 'ઋષભદેવ સ્તવન' તથા સંવત ૧૬૭૯માં 'અમરસેન વયરસેન રાજર્ષિ આખ્યાનક' એ બે મળી આવે છે *

આ કાવ્યને અંગે જુદા જુદા ભંડારોમાંથી મને સંઘવિજયની ત્રણ હસ્તલિખિત પોથીઓ મળી છે. શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિર વડોદરા, નં ૮૮૪, શ્રી જૈન જ્ઞાનમંદિર (શ્રી હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહ), વડોદરા, નં ૧૧૭૭ અને રાજસ્થાન પુરાતત્વમંદિર, જયપુર નં ૩૨૯૦ — ઉપર્યુક્ત સંસ્થાઓમાંથી જે તે નંબરની હસ્તપ્રતો મળી છે.

ડૉ. સાંડેસરાએ સંપાદિત કરેલ સંઘવિજયની 'સિં.બ.'ની ૧૯ વાર્તાઓ 'સાહિત્ય' માસિકમાં છપાઈ ગઈ છે. અહીંયાં ૧૯ વાર્તાઓ પૂરતો મેં 'સાહિત્ય' માસિકની ફાઈલનો ઉપયોગ કર્યો છે. ને બાકીની વાર્તાઓ માટે શ્રી જૈન જ્ઞાનમંદિર, વડોદરા, નં. ૧૧૭૭ ની હસ્તપ્રતનો ઉપયોગ કર્યો છે. સ્પષ્ટ અક્ષરે લખાયેલી કુલ ૧૧૪ પાનાંની એ પોથી છે.

કવિ આ કૃતિમાં પોતાના ગુરુ અને ગચ્છની પરંપરા વિસ્તારપૂર્વક આપે છે. શરૂઆતમાં જ તે આદિપુરુષ, પરમાત્મા, ગુરુ અને સરસ્વતીની સ્તુતિ કરે છે. એની સરસ્વતીની સ્તુતિ આ પ્રમાણે છે:—

વલિ સમરૂં સારદા, સિદ્ધિ બુદ્ધિ દેઈ માય ।
સકલ શાસ્ત્ર બુદ્ધિ વર્ણવઈ, જે મોટા કવિરાય ॥૨૬॥
બ્રહ્મસુતા, હંસવાહની, વીણા પુસ્તક પાણિ ।
કવિજન માતા પય નમૂં, આપે અવિચલ વાણિ ॥૨૭॥

---

* શ્રી. મો. દ. દેસાઈ, જૈન ગુર્જર કવિઓ – ભા.૧, પૃ. ૪૭૫.

કાસમીર મુખ મંડણી, તૂં હરસિદ્ધિ માત ।
જ્વાલામુખી ગણાઈ સાહૂ, ભગવતિ, તૂં વિખ્યાત ॥૧૯॥
આઈ આણંદ કારિણી, ત્રિભુવનિ તાહરુ વાસ ॥૨૦॥

- - - - - - - - - - - - -

આસ પૂરે તું ઈશ્વરિ, વાગેસરિ સરસતિ ।
ગીર્વાણી ગુણિ આગલિ, તુમ પય નમું બહુ ભત્તિ ॥૨૨॥
આદિ બ્રહ્માણી અંબિકા, તાહરું તેજ અનંત ।
હરિ-હર, બ્રહ્મા સુરપતિ તાહરું નામ જપંત ॥૨૩॥
વપુ ઘનસારહ વર્ણ જે, ઉરિ મુગતાફલ હાર ।
શ્વેત વસ્ત્ર, શુચિ પહિરણું, સોહે સકલ શૃંગાર ॥૨૪॥
ભગતાજન હિતકારિણી, તૂં તારણી ત્રિભુવન ।
તૂં દાતા: અહનિસિ દીઈં અનોપમ વિદ્યા રત્ન ॥૨૫॥
સરસ વાણી દો સરસતિ સુલલિત વચન રસાલ ॥૨૬॥

- - - - - - - - - - - - - - - - - - -

આ કવિની કૃતિમાં એની વર્ણનશક્તિ, અલંકાર - ગુંફનની શક્તિ, સામાન્ય વિધાનો, સંસ્કૃત અવતરણો, જુદા જુદા પ્રકારનાં ગાથા, દુહા, છપ્પય, કવિત્ત, છંદ, ઈત્યાદિનો ઉપયોગ કરવાની શક્તિ અને કેટલાક ધ્યાન ખેંચે એવા શબ્દો આપવાની શક્તિ નોંધપાત્ર ગણાય. કવિનું સૌથી પણ મહત્વનું લક્ષણ તે આ કથાઓમાં સર્વવ્યાપક સરલતા અને પ્રસાદ છે, પણ એનો બધો યશ એને ફાળે ભાગ્યેજ જાય છે. આપણે હમણાંજ જૈન કવિ જ્ઞાનચંદ્રની કૃતિનો પરિચય મેળવ્યો છે તેની સાથે કેટલેક સ્થળે સંઘવિજયની કૃતિ શબ્દશઃ મળતી આવે છે. તેને તો ઘણેક સ્થળે આ વાર્તાઓમાં સંઘવિજય જ્ઞાનચંદ્રની રચના પદ્ધતિ અને વિચારોને અનુસરે છે. જે સ્થળે આવું કંઈક શિથિલ સામ્ય જોવા મળે છે તે સ્થળોએ પણ કવિએ પ્રસંગો અને વિચારોને બદલાવ્યા છે એટલુંજ, બાકી મૂળ વિચારતો જ્ઞાનચંદ્રમાં જોવા મળે છે. કેટલાંક સ્થાનો એવાં છે જ્યાં કવિ જ્ઞાનચંદ્રના જેવાજ શ્લોકો અવતરણ તરીકે આપે છે.

પ્રથમ વાર્તામાં બ્રાહ્મણ અમરફળ લઈને રાજા પાસે જાય છે ત્યાં રાજાને તે આશીર્વાદ આપે છે તેનો શ્લોક બેઉમાં સરખો છે. - 'યામ્ ચિન્તયામિ સતતં'। એ શ્લોકનો પણ બેઉએ સમાન સ્થળે ઉપયોગ કર્યો છે. પ્રથમ વાર્તામાં શારદાનંદ સૂરિ છે. એ વાત બેઉ

કવિઓએ કહીછે, તેમજ સૂરિએ રાજકુમારને આગે કરવા કહેલા શ્લોકો પણ બેઉ જગ્યાએ સરખા છે. પ્રથમ વાર્તામાં જ્ઞાનચંદ્રમાં માલિકા રાજા પાસે ફૂળ લઈને જાયછે. ત્યાં એની તૈયારીની કેટલીક પંક્તિઓ સંઘવિજયમાં દેવદત્ત બ્રાહ્મણ (વાર્તા-૪) રીતાડેલા પુત્રને પાછો આપવા જાયછે ત્યાં જોવા મળેછે. વળી ઉજ્જયિનીનો ગરીબ બ્રાહ્મણ દાન માટે માતૃદેવી હરસિદ્ધિનું પૂજન કરેછે ત્યાં બેઉનું વર્ણન ઘણે અંશે મળતું આવેછે. જ્યારે જ્ઞાનચંદ્રમાં દેવીની સ્તુતિનું ગીત જોવા મળેછે તે એની વિશેષતા છે અને સંઘવિજયમાં તે મળતું નથી. વિક્રમના રાજ્યનું વર્ણન કેટલેક અંશે બેઉ કવિઓમાં સરખું છે. બેઉ કવિઓનું માલવવર્ણન પણ ઘણે અંશે સરખું છે, માત્ર જ્ઞાનચંદ્ર, સિદ્ધસેન દિવાકરનો ઉલ્લેખ કરતો નથી.

માલવ વર્ણનમાંથી બેઉ કવિઓના વર્ણનમાં કેટલી સમાનતા છે એનો ખ્યાલ આવે એટલા માટે પહેલાં જ્ઞાનચંદ્રમાંથી અને પછી સંઘવિજયમાંથી થોડો ભાગ અહીંઆં આપ્યો છે. આ અવતરણો કથાકુંપમાંથી લીધાં છે :—

<u>જ્ઞાનચંદ્ર</u> :—

હિવિ વિક્રમનૂં સુણિજ્યો ઠામ, માલવદેશ અપૂરવ નામ ।
ધણ કણ કંચણ અતિહિં વિસાલ, સુણી નહીં જિણો દેસિ દુકાલ ॥૧૬॥
પગલે પગલે પરઘલ નીર, સરોવર સાહિ જલ ગોહર ગંભીર ।
તરની રણો નોબાતિ છેહ, જીહાં પણિ માગ્યા વરસે મેહ ॥૧૭॥
ગોલ ગોધૂમ તણી નહીં મણા, એખા સાથ ભોગ પણિ ઘણા ।
વારૂ વાડવ તણા નહીં પાર, દીસે જીહાં અહીણ અંબાર ॥૧૮॥
ભરહ ભાવ અઠારહ મલે, સાકર દેખિ દાઢ દોઈ ગલે ।
પોઢાં પીઠ અને અટાણ, ઘરિ ઘરિ બાંધે સોઢાં વાહણ ॥૧૯॥
લાખ એક બાણુ વિસ્તાર, ગુણ માલવના ન લહૂં પાર ।
અગરાવાની સમી ઉજેણિ, મમનિ ~~મની~~ માનિ ભવ ભાણી તેણિ ॥૨૦॥
વહે સપ્રા તીહાં નીરમ નીર, વડ મસાણ ગંધિમ તાઈ તીર ।
સિધવડ કામિક જિહાં હરસધિ, તૂઠી દીઈ સેવક નવ નધિ ॥૨૧॥
ગંધ્રવસેન તણા પુત્ર દોય, દેવકુંમર સરિખા પણિ સોઈ ।
કુમર વડો ભરથહર નામ, લહુડો વિક્રમ બહૂ ગુણ ગ્રામ ॥૨૨॥

સંઘવિજય :—

હવઈ વિક્રમનુ સુણિજ્યો ઠામ, માલવ દેશ પ્રસીધું નામ ।
ધનકણ કંચણ અતિ સુવિશાલ, સુણીઈ જેહિ નહી જેહિ દેસિ દુકાલ ॥૪૭॥
પગલઈ પગલઈ પરીઘલ નીર, સરોવર જલભર્યા ગુહિર ગંભીર ।
નદી તણો નવિ લાભઈ છેહ, જિહાં પહિ માગ્યા વરસઈ મેહ ॥૪૮॥
ગુલ ગોધૂમ તણી નહી મણા, આંબારાય ભોગ તિહાં ઘણા ।
વારા વાડ તણા નહી પાર, દીસઇ જિહાં અહિકીન અંબાર॥૪૯॥
અઢાર ભાર વનસપતી મિલઈ, સાકર દેખિ દાઢ દો ગલઈ।
પોઢી પીઠ અનઈ અઠાણ, ઘરિ ઘરિ બાંધઈ સોગાં સાહાણ॥૫૦॥
લાખ એક બાણું વિસ્તાર, ગુણ માલવનો ન લહું પાર ।
અમરપુરી સરખી ઉજેણિ . . . . . . . . . . . . . . . . . ॥૫૨॥

\- - - - - - - - - - - - - -
\- - - - - - - - - - - - - -

વહઈ સિપ્રા જિહાં નિરમલ નીર, વડ ગરૂઆ ગઢેવુ તિહાં તીર ।
સિદ્ધવડ કાતિક હરસિદ્ધિ, તુઠી દઈ સેવક નવનિદ્ધિ ॥૫૪॥
ગંધ્રવસેન તણા પુત્ર દોય, દેવકુમાર સરિખા પણિ સોય।
કુમર વડો ભર્તૃહર નામ, લહુડો વિક્રમ બહુ ગુણ ઠામ ॥૫૫॥

'વિક્રમચરિત્ર'ની પ્રથમ વાર્તામાં નંદ રાજનો વિજયપાલ નામે પુત્ર વનમાં શિકાર કરવા જાય છે તેનું બંને કવિઓએ કરેલું વર્ણન-સામ્ય જોઈએ.

જ્ઞાનચંદ્ર :—

એણી પરિ દિવસ ઘણા ગયા વહી, ગુણિયો કથા શ્રવણે નર સહુ ।
સુત વિજયપાલ નંદનો જેહ, ચતુર ચડ્યો રમવા વરતેહ ॥૪૧॥
ગાજ્યા ભલ નીસાણી નાદ, હયહીંસવીઆ વાદો વાદિ ।
ઇમ કરતાં ગયા આઘા ચાલિ, પેખઈ આગલિ પોઢિ પાલિ ॥૪૨॥
વિજપાલઈ નાચીં તોખાર, આવ્યો ચંચલ વેગિ અપાર ।
અપરસેન સવિ પૂંઠે રહિ, રાજા વનમાહિ આઘો વહિ ॥૪૩॥
તરસઈ તે તાન અતિ આકલ્યો, ન લહું નીર નયણો વિલકલ્યો ।
ચડવડ ચડ્યો સરોવર પાલિ, હયવર બાંધો આંબા ડાલિ ॥૪૪॥
વારિ વાવર્યું નરપતિ જામ, શ્રી સૂરજિ આથમીં ઉતાગ ।
જાં ચિંત ચિંતઈ ભડ વિજપાલ, દીઠો નયણિ વાઘ વિકરાલ ॥૪૫॥

## સંઘવિજય :—

એણિ પરિવાસર વઉલ્યા બહુ, સુણિયો કથા શ્રાવણિ નર સહુ।
નંદ ભૂપતિનો સુત વિજપાલ, રૂપ અનોપમ નેત્ર વિશાલ ॥૮૨॥
હય ગયરથ પાયક પરવર્યો, ઈકુ દિન વન રમવા સાંચર્યો।
ચતુર ચડ્યો ચંચલ હય જોર, જાતિવંત વિપરીત કિશોર ॥૮૩॥
ગાજિઉં જાંગ નિસાણુ નિનાદિ, હય હીંડવીઆ વાહી વાદિ।
ઈમ કરતાં ગયો આઘો ચાલિ, પીઈ આગલિ પોંહતી પાલિ ॥૮૪॥
વિજપાલઈ તાણિઉ તોખાર, ચાલિઉં ચંચલ વેગ અપાર।
અવરસેન સવિ પુઠઈ રહઈ, રાજ વનમાંહિ આઘો વહઈ ॥૮૫॥
તરસિ નૃપ અતિ થયો આકુલો, દૂર થકી નીર થાનકિ કલિઉ।
ચડવડિ ચડીઉ સરોવર પાલિ, હયવર બાંધિઉં આંબા ડાલિ ॥૮૬॥
વારિ વાવરઈ નરપતિ જામ, શ્રી સૂરિજ આથમીઉ તામ।
ઈમ ચિતિ ચિંતઈ ભડ વિજપાલ, દીઠઉ નયણિ વાઘ વિકરાલ ॥૮૭॥

આ અવતરણો ઉપરથી બંને કવિઓના નિરૂપણની પદ્ધતિનો ખ્યાલ આવશે. વળી સંઘવિજય, જ્ઞાનચંદ્રના વસ્તુમાં ક્યાં અને કેવો ફેરફાર કરે છે તે પણ જોઈ શકાશે. સંઘવિજયે કેટલેક સ્થળે સીધું ઉઠાવ્યું હોવા છતાં એટલી કાળજી અવશ્ય રાખી છે કે પોતાના તરફથી વર્ણનોને બહેલાવતી કેટલીક કડીઓ વચ્ચે વચ્ચે ઉમેરી પણ દીધી છે. મુખ્યત્વે સંઘવિજય વર્ણનોમાં પોતાના તરફથી ઠીક ઠીક ઉમેરા કરે છે એ નોંધવું જોઈએ. બંને વાર્તાઓને ધ્યાનપૂર્વક વાંચનાર જોઈ શકશે કે ઘણે સ્થળે બેઉમાં પ્રસંગો સરખા છે અને સરખા ક્રમમાં આવે છે. ઉપર જે જે સમાનતાનાં સ્થાનો નોંધ્યાં છે તેની અહીં યાદી સંપૂર્ણ નથી તેમ છતાં બેઉ કૃતિઓ વચ્ચેના સંબંધનો ખ્યાલ આપવા માટે પૂરતી છે.

જ્ઞાનચંદ્રની ભાષા સંઘવિજય કરતાં સંક્ષિપ્ત છે છતાં તેમાં એક પ્રકારની શિષ્ટતા, ચમક અને ગૌરવ છે. સંઘવિજયની ભાષા પ્રમાણમાં વધારે સરલ, વેગવતી અને પ્રાસાદિક છે, પણ તેમાં ઘનતા કંઈક ઓછી છે. વર્ણનો પૂરતું સંઘવિજય ઘણે સ્થાને આ કારણે વેગપૂર્વકનાં સુંદર વર્ણનો આપી શકે છે અને સામાન્ય વાચકને વધારે અનુકૂળ થઈ પડે તેવાં છે.

સંઘવિજયની વર્ણનશક્તિ સ્થળે સ્થળે સરસ વર્ણનો રજૂ કરે છે. એણે માળવાનું કરેલું વર્ણન જ્ઞાનચંદ્રને મળતું છે છતાં કેટલીક કડીઓ એણે પોતાની પણ ઉમેરી છે. ઉજ્જયનિમાં આવેલાં દેવસ્થાનો અને પોષધશાળાઓનું એણે કરેલું વર્ણન પણ એવો ઉમેરો છે. કથામુખમાં આવતું ઉજ્જયનિમાં વસતા ગરીબ બ્રાહ્મણનું વર્ણન પણ પ્રેમાનંદની સુદામાના વર્ણનની પદ્ધતિની યાદ આપે તેવું છે.

વસઈ વાસ તિહાં બાડવ એક, અભિનવ સૂરતિવંત વિવેક ।
વેદ ચ્યાર જ્યોતિક લહઈ જેહ, કરમવશઈ પણિ નિર્ધન તેહ ॥૫૮॥
એક દિન કામિની કહિ સુણિ કંત, વાત એક વાત વિરતંત ।
ખધ્યું ન પહિર્યું બલ્યું ન સાધ, તું ઘર વાસતણાં ફલ લાધ ॥૫૯॥
ઘર કુંબડું છાજર ગિર પડઈ, ઉંદિર ખણઈ ઊકેરા ચડઈ ।
બિસણ નહી પોતઈ પાટલઉ, સૂવા નઈ ખોડઉ ખાટલઉ ॥૬૦॥
પાત્ર પથરણિ બાકહ વાણ, ખાંડી હાંડી ભાગૂં ભાણ ।
સાર ભાત ન કાંઈ ભોજન, નહી બંભણ પરહુણા પરજન ॥૬૧॥
સુદિ પખિ દીવો સસિહર જાણિ, અંધારઈ આંગીઉ વખાણિ ।
આમંત્રણિ ઓપડ પામીઈ, કુંભ કેણી પરિ દુઃખ વામીઈ ॥૬૨॥
નાણું ભાણું ઢિયાણું નહી, નહીં ઘરમાં કુમાણું સહી ।
ઘરિ આપણડઈ આવી અણાથિ, તો દુઃખ ભણઈ ત્રિભુવનનાથ ॥૬૩॥

કથામુખમાં, વિક્રમ ઉજ્જયિનીનું રાજ્ય સ્વીકારે છે ત્યારે વેતાલ માટે જે તૈયારી કરે છે તેનું તથા વૈતાલનું વર્ણન પણ – સારું છે.

નૃપસેવક પ્રતિ દઈ આદેશ, કાજ કરો તુમ્હ આજ વિશેષ ।
કંદોઈ જે નયર મઝારિ, તેડી આવો મ લાઉ વાર ॥૭૩॥
કંદોઈ આવ્યા ઘસમસ્યા, નૃપ કામઈ સહુ બહુ ઉલ્લસ્યા ।
ઘૃત પડ સુધી આણ્યા ઘિણા, નૃપ આદેસઈ લ્યાવઈ ઘણા ॥૭૪॥
ખાંડ ગોલ બહુ તિલવટ તેલ, કરઈ કંદોઈ માહિ ભેલ ।
અનેક ભાતિનાં કરઈ પકવાન, જેણિં ખાધઈ અંગિ વાધઈ વાન ॥૭૫॥
વડાં વેડમી બહુ બાકલા, કરઈ કંદોઈ થઈ આકલા ।
પુડા રૂડા માંડા કર્યા, તેણઈ કરી બહુ ઉકલ ભર્યા ॥૭૬॥
વિવિધ ભાતિનાં રાધ્યાં ધાન, આણ્યાં બહુ ફોફલ પાન ।
મંદિરમાં બહુ કીધા પુંજ, ઠામિ ઠામિ ઠવઈ વસ્ત્ર અગંજ ॥૭૭॥

દૂધ ચોખાસ્યું રાંધી ખીર, તે ભોગ લેસ્યઈ સાત્રીઉ વીર।
અતિ સુગંધ અણાવ્યાં ફૂલ, દી વિધ કણયર નઈ બકૂલ ॥૭૮॥
સૂઆ ચંદન મૃગમદસાર, અંબર કેસર નઈ ઘનસાર।
કનક કચોલાં મૂક્યાં ભરી, વીરસાધવા બહુ વિધિ કરી ॥૭૯॥

X X X X

<u>વેતાલ વર્ણન :—</u>

ઈણિ અવસરિ આવ્યઉ વેતાલ, કાયર જન બીહઈ તસ હાલ।
મુખિ ફૂંકાર મૂકઈ વિકરાલ, હાથિં ડમરું કંઠિં રુંડમાલ ॥૩૮॥
ચરણિં ધમકઈં ઘુઘરમાલ, રંગત લોચન હાથઈં કરવાલ।
ધરતી કંપિઈ ચરણ પ્રકાર, મદ્યમાંસ તણઉ કરઈ આહાર ॥૩૯॥
પડધા ન ખડઈં કોતક્ષુ તણઉ, વીરતણી કરણી હવઈ સુણઉ,
આજ ઉપરિ દીધ પ્રહાર, વીકર વીર તણઉ હથિયાર ॥૪૦॥

અડીવીરની વાર્તામાં અષ્ટ મહાસિદ્ધિનું કવિએ કરેલું વર્ણન પણ નોંધપાત્ર છે:—

ચરણે નૌ ઉર ઘુઘરમાલ, ચંદ્રમુખી મૃગનેત્ર વિશાલ।
નવયૌવન ગુણવંતી બાલ, અષ્ટમી સશિ જસ ઉપઈ ભાલ ॥૪૩॥
મસ્તકિ રયણ જડિત રાખડી, વિકસિત નયન કમલ પાંખડી।
વાંકી શ્યામલ ભ્રૂહ કમાણ, તાકી મૂંકઈ દેગ ઉર બાણ ॥૪૪॥
અધર બિંબ ગલ મુદિત કપોલ, પત્રાલી કૃત મૃગ મદ ચોલ।
નાશા શુક ચંચ લાંબી ઘણઈ, મણો શુક મુખ મોતી સુણઈ ॥૪૫॥
કુચ ઉચ હેમ કુંભ અતિ સુઘટ, હાર નવાર લહઈ વિચિ વિકટ
દિવ્ય આભૂષિત ભૂષિત અંગ, દિવ્ય વસ્ત્ર પહિર્યાં બહુ રંગ ॥૪૬॥
કઈ રંભા કઈ રતિ રોહિણી, કઈ ઉરવશી કઈ એ મોહણી।
કઈ ફણિપતિની કુમરી વલી, કઈ વિદ્યાધરી અમરી મિલી ॥૪૭॥

અને અંતે એણે આપેલું એક યુદ્ધ વર્ણન જોઈએ. વિક્રમ અને શાલિવાહનના સૈન્યોના યુદ્ધનું એ વર્ણન છે. (વાર્તા—૨૭)

અણીઈ અણીદો મિલીઆ કટક, બલ દાખઈ સુરયોધા વિકટ।
આપાપણો વીટઈ જયવાદ, વાગાં તિહાં રણતૂર નિનાદ ॥૮॥
હાથી ઘોડઈ બહુ નર ચઢઈ, દંડાયુધ છત્રીસસ્યું વઢઈ।
કઈ પાલા પાયક પડવડા, ક્રોધઈ પૂરા મૂકઈ ખડા ॥૯॥

ઘાગડ ધસમસતા ધાવંત, રાંગા રોસભર્યાં ઝૂઝંત।
પગ પ્રહારઈ અતિ ધ્રૂજઈ મહી, હાહોહાહિ હુઈ તિહાં સહી ॥૧૦॥
ગિરિ કોલઈ ધરણી ધડહડઈ, સૂરા હાડ પ્રછેદા પડઈ।
હઠીઆ હાથિ ગ્રહી હથીઆર, ઝૂઝ કરઈ આગા ઝૂઝાર ॥ ૧૧॥
હાથો હાથિ નઈ બાથો બાથિ, અબીહ થકા ઝૂઝઈ બિહુ સાથ।
કો કહિ નઈ તિહાં દ્રોહ નવિ દીઈ, આહવા ઝૂઝે અડાણી નઈ લીઈ ॥૧૨॥
પતંગ પડઈ જિમ દીપક માંહિ, સૂરા મરણાજા બીહઈ નાંહિ।
ઝૂઝઈ ધડ કર ગ્રહી કરવાલ, કપિ પરિ ઉછલતી દીઈ ફાલ ॥૧૩॥

કવિના આકર્ષણનું બીજું કારણ તેના અલંકારો છે. ઉપર આપેલાં અવતરણોમાં એવાં શબ્દ અને અર્થના કેટલાક અલંકારો આવી જાય છે. કવિ જૂદા જૂદા રસનું નિરૂપણ કરતો હોય તેવાં વર્ણનખંડો અહીં પસંદ કર્યા છે. એના માલવદેશના, બ્રાહ્મણની ગરીબાઈના, વિજયપાલના વનવિહારમાં અને કંદોઈઓ વૈતાલ માટે વાનગીઓ તૈયાર કરે છે તેમાં માત્ર કથનાત્મક દૃષ્ટિ પ્રધાન છે, જો કે ગરીબાઈના વર્ણનમાં કરુણ અને શાંતની છાયા જોવા મળે છે. અષ્ટ મહાસિદ્ધિઓનું તેણે કરેલું વર્ણન શૃંગારનું પોષક છે અને વૈતાલનું અને શાલિવાહન-વિક્રમ સૈન્યના યુદ્ધનું વર્ણન વીરરસનું સારું ઉદાહરણ છે.

કવિ વર્ણનોમાં ભાવને અનુરૂપ રીતિ પણ વાપરી શકે છે તે આ ઉપરથી જોઈ શકાશે. કવિએ અલંકારોનો ઉપયોગ સર્વત્ર કર્યો છે. એનાં યમક, વર્ણાનુપ્રાસના નમૂના તો ઉપર આવી ગયા છે. પણ છૂટક છૂટક અલંકારો પણ કવિ ઠીકઠીક પ્રમાણમાં આપી શકે છે. જેમકે:—

ભણતાં મગટયઉ તેજ અપાર, મણે ઊગ્યા સૂરજ બાર.
× × × ॥૮૬॥
કટક મિલ્યાં આસાઢી પૂર — (વાર્તા-૨૪ પૃ - ૮૨)
પતંગ પડઈ જિમ દીપક માંહી — કડી-૧૨-(વાર્તા-૨૭)

વળી ૨૬મી વાર્તામાં ઈંદ્ર દરબારનું એણે કરેલું વર્ણન વાસ્તવિક વર્ણન તરીકે સારું છે. સાથે સાથે એમાં કવિએ અલંકારો પણ ગૂંથ્યા છે. જુઓ:—

એક દિન સુરપતિ સભા મઝારિ, વિક્રમની સ્તુતિ કરઈ અપાર।
ધીર વડો સત્યવંત ઉદાર, એહ સમલિકો નહી દાતાર ॥૫૪॥
દાન વડું જગમાં અભયદાન, બલવંતમાં હિ વડો શ્રી કાન્હ।
તેજ માંહિ વડું જિમ રવિતેજ, હેજ માંહિ બંધવ વડ હેજ ॥૫૫॥
વ્રત માંહિ શીલવ્રત અભિરામ, ભૂપતિમાંહિ વડો શ્રીરામ।
રંગ માંહિ જિમ ચોલમજીઠ, ગુણ માંહિ વડો વિનય વિશિષ્ટ ॥૫૬॥
જલમાંહિ જિમ ગંગાનીર, ખીર માંહિ વડુ જિમ ગોખીર।
રત્ન માંહિ વડું ચિંતામણિ, અલંકાર વડું ચૂડામણિ ॥૫૭॥
દૈત્ય માંહિ વડો રાવણ કહ્યો, ગિરિ માંહિ વડો મેરુ ગિરિ લહ્યો।
ગ્રહ ગણમાં હિ વડો જિમ ચંદ, દેવમાંહિ જિમ વડો જિણંદ ॥૫૮॥
તીરથ માંહિ સેત્રુંજ ગિરિસાર, મંત્રમાંહિ વડો શ્રી નવકાર।
જિમ વડી સભા સુધરમી કહી, ઇંદ્ર પ્રસંસાઈ તેહ મધિ રહી ॥૫૯॥

આમાં ઉત્તમ વસ્તુઓની એક લાંબી યાદી કવિ રજૂ કરે છે અને વિક્રમને પુરુષોમાં ઉત્તમ કહે છે ત્યાં ઉપમા તો છે જ. પણ આ વર્ણન એક તરફથી ગીતાના દશમા અધ્યાયની યાદ આપે છે તો બીજી તરફથી શામળની વાર્તાઓમાં આવાં વિધાનો પણ સ્મૃતિ સમક્ષ ખડાં કરે છે.

છંદોની દૃષ્ટિએ કવિએ ઠીક ઠીક વૈવિધ્ય બતાવ્યું છે. દુહા, ચોપાઈ, ગાથા, કવિત્ત, કવિત્ત ષટ્પદી ચંદ્રાવળા વગેરેનો ઉપયોગ એણે ઠેર ઠેર કર્યો છે. એમાં કવિત્ત ષટ્પદી શામળે વાપરેલા છપ્પા છે, અને શામળ પહેલાં સો એક વર્ષ અહીં વાપરેલા દેખાય છે.

કવિ સામાન્ય જ્ઞાનનો પણ ઠીક ઠીક ભંડાર અહીં પ્રગટ કરે છે. એમાં જુદા જુદા વિષયો ઉપર ઉક્તિઓ રજૂ કરે છે. ખાસ કરીને સ્ત્રી-સ્વભાવનું કવિએ કરેલું વર્ણન વિસ્તારપૂર્ણ છે. અને સ્ત્રીઓના સ્વભાવની એમાં સારી પેઠે નિંદા પણ કરી છે. કર્મ વિશે પણ કવિ ચોવીસમી વાર્તામાં ૬૭-૬૮-૬૯ કડીઓમાં, શામળની પેઠે મીમાંસા કહે છે. જ્યોતિષનું એવું જ્ઞાન બીજા કવિઓ પ્રગટ કરે છે તે પ્રકારનું છે. કોનું મન ક્યાં વસે તે વિશે ૩૧મી વાર્તામાં એણે કડી -૨-૩-૪-૫ માં વિચાર કર્યો છે. એવી જ રીતે સ્વપ્ન-વિષયક ઉલ્લેખો તેમજ —

ભરીઉં ભરાઈ પરબતિ જોઈ, અણભરીઆ ભઈ ન ભરઈ કોઈ।
સાયર મીંહિ ગઈ નર્મદા, જેસલમેર ન પુહતી કદા ॥૪૧॥

માં જીવનના એક સામાન્ય અનુભવનો કવિએ ચમત્કૃતિપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

૩૨ મી વાર્તામાં એણે વચન-મહિમાનાં કવિત્ત આપ્યાં છે, તેમાં એનું પૌરાણિક પરંપરાનું જ્ઞાન પ્રગટ થાય છે. એવીજ રીતે વિદ્યાપ્રશંસા એણે બુદ્ધિશેખરની મૂર્ખતાનો ઉલ્લેખ કરીને આપી છે. ત્યાંજ મૂરખને જીવનમાં કેવી અવગણનાભરી પરિસ્થિતિમાં રહેવું પડે છે તેનો ખ્યાલ આપ્યો છે. 'વિરલા કોણ?' એ વિષે કવિ ૧૭ મી વાર્તામાં થોડાંક લક્ષણો રજૂ કરે છે, તો દેવદત્ત રાજકુમારને જે રીતે રાખે છે તેમાં બાલ-સ્વભાવનું અને દેવદત્તની વિચારશીલતાનું સારું વર્ણન છે. ૨૩ મી પૂરની વાર્તામાં વિક્રમ પૂરમાં તણાતા માણસને બહાર કાઢે છે ત્યાં એ પણ એને વિરલ કહીને એનું અને વિરલા માણસનું વખાણ કરતાં એક નાનકડું ભાષ્ય રચે છે.

એના સમયની સામાજિક સ્થિતિનો અને માન્યતાઓનો ખ્યાલ પણ કવિની કૃતિ ઉપરથી ઠીક આવી શકે છે. ત્યાં પ્રથમ વાર્તામાં વિક્રમ ~~ઉજ્જયિની~~ ઉજ્જયિની નગરીમાં, ક્ષિપ્રા કિનારે આવે છે અને મિત્ર માત્રનો રમત જુએ છે એ પ્રસંગમાં કવિએ લોકોની પશુઓની બોલીમાંથી ભવિષ્ય જાણી શકાય એ માન્યતાને ઉપયોગમાં લીધી છે. બ્રાહ્મણ દેવીની પૂજા કરે છે એમાં અને વિક્રમ વૈતાલને ~~બલિ~~ બલિ આપવાની તૈયારી કરે છે તેમાં તેમજ ભોજ ન ખસતા સિંહાસનને ખસેડવા વૈતાલને હરસિદ્ધિને પ્રસન્ન કરવાના ઉપાયો અજમાવે છે તેમાં તે સમયની ભૂતપ્રેત અને દેવદેવીની પૂજા વિષયક પ્રણાલિકાનો ઠીક ખ્યાલ ~~આપે છે~~. મળે છે. પ્રથમ વાર્તામાં વિજયપાલનો સાજો કરવા રાજા જે ઉપચારો કરે છે તે જુઓ:—

તેડ્યા જોશી લોકાં ઘણા, તેડ્યા ભૂઆ ભવાની તણા ॥૬૨॥
તેડ્યા ગોવિંદા નેં સોધવા, સમરપંથ તેડઈ નવનવા ।
આણ્યા પાણિ કલા સહુ કહઈ, સવિ ડાહા ગુણિ અતિ ગહગહઈ॥૬૩॥
વાજઈ ડાક ઠાક કંસાલ, વાજઈ ડમરુ ધડધડતાલ ।
નાખઈ ચીસ ભૂઆ કલકલી, ઉતારા ઉતારઈ વલી ॥૬૪॥

વળી પ્રાસ્તાવિક વાર્તામાં અગિયારમા પાનની ૬૦ મી કડીમાં એણે કરેલું શુકનનું વર્ણન તેમજ સાગરનાં બાર રત્નોની ત્રીજી વાર્તામાં ૬૫ મી કડીમાં વિક્રમના મહોત્સવનું, તે વખતના લોકોની શ્રદ્ધા કયા દેવોમાં હતી

તે બનાવનું વર્ણન, તે સમયના યોગીઓનું વર્ણન તથા સામાન્ય રીતે લોકો શાને ધાર્મિક જીવન માનતા તેનું અનેક સ્થળે સ્થળે કરેલું વર્ણન આ બાબતમાં નોંધવા જેવાં છે. વ્યાપાર અર્થે વહાણમાં બેસીને પરદેશ જવાનો ઉલ્લેખ પણ કવિ કરે છે. દ્યૂતકારની વાર્તામાં (નં. ૨૭) એણે દ્યૂતની નિંદા પણ નોંધી છે.

કવિ જુદી જુદી દેવીઓનો ઉલ્લેખ કરે છે જેવાં કે કામાક્ષા, રુધિરપ્રિયા, મનસિદ્ધિની સાથે સાથે એકોતેરી દેવીનો પણ ઉલ્લેખ છે. કમલપૂજા, પવનપાવડી, પુનર્જન્મ, આકાશવાણી આદિનો ઉલ્લેખ પણ જોવા મળે છે. સાથે જ મસાણનો અને તેના અંગારા ઉપર રોટલા શેકી ખાતા વૈતાલ બાવનો ઉલ્લેખ જોઈ શકાય છે. ઐન્દ્રજાલિકના ઉલ્લેખો બધી વાર્તાઓમાં સમાન છે, તો તે વખતના સામાજિક મનોરંજનના સાધનોમાં એનો પણ સમાવેશ થતો હશે એમ સૂચવે છે. કવિ જે સામાન્ય વિધાનો કહે છે એમાં લોકમાનસનો, એના જ્ઞાનનો પરિચય જણાય છે. ૩૧મી વાર્તામાં આવા ઉલ્લેખ છે. તે ઉપરાંત પ્રેમ સદ્ગુણી જીવન ગાળતી હોય તો વરસાદ વરસે જ એવી લોકશ્રદ્ધા દુષ્કાળની વાર્તામાં પ્રગટ થઈ છે. એ જમાનાનાં કેટલાંક વજનની માપ કવિ ત્રીસમી વાર્તામાં કવિતામાં રજૂ કરે છે.

કવિને ઉખાણાનો પણ શોખ છે તે ૨૭મી વાર્તામાં કડી-૮૬-૮૭ માં જોઈ શકાશે. શામળે આવાં ઉખાણાં અને સમસ્યાઓ ઘણી આપી છે. એનું પૂર્વરૂપ અહીં જોવા મળે છે.

કવિ ભર્તૃહરિને બ્રાહ્મણ આશીર્વાદ આપે છે ત્યાં કેટલાક સમસ્યાપ્રધાન દુહાઓ રજૂ કરે છે તેમાંથી એક ઉદાહરણ નીચે આપ્યું છે:-

સહસલ્લો, દોસહસલ્લો, અકહ ચઉદહ બારિલ્લો,
એકલ્લો, બિલ્લો, તિલ્લો રક્ષા કરઉ જુગ્ગ સબલ્લો ॥૩૭॥

જુગારીની કથામાં ઉત્તમ, મધ્યમ અને ઉત્તમોત્તમ માણસો મળે ત્યારે શું થાય અથવા એ યોગ કયો કહેવાય એ વિશે ઉપમા અને રૂપક-યુક્ત દુહાઓ તેણે આપ્યા છે. જેમકે :—

ઉત્તમ નઈ મધ્યમ મિલ્યો, નિજ અવગુણ ઢંકેતિ ।
સોના ઉપરિ કાચ જિમ, મરકત રત્નહ પંતિ ॥૮૮॥

મધ્યમ નઈ ઉત્તમ મિલ્યો, સાહમો મોંઘો થાય।
પીતલ સાથઈ રત્ન જિમ, ઉછઈ મૂલિ વેચાય ॥૬૯॥
મધ્યમ નિ મધ્યમ મિલ્યો, કાંઈ ન આવઈ લાગિ।
ચકમિકક પાખાણ ઈવાધો, તઉ ધબકઈ ઊઠઈ આગિ ॥૭૦॥
ઉત્તમ નઈ ઉત્તમ મિલ્યા, અધિકો વાધઈ પ્રેમ।
દૂધ સાથઈ સાકર મિલી, મીઠઉ લાગઈ તેમ ॥૭૧॥

કવિ સૂર્ય સિંહાસનની વાર્તામાં વિક્રમ પાસે સૂર્યની સ્તુતિ કરાવે છે એમાં સૂર્યનાં એકસો આઠ નામ રજૂ કરે છે. છંદની દૃષ્ટિએ એમાં ધ્યાન ખેંચે એવું કશું નથી, કેમકે આ બધાં નામ એણે ચોપાઈમાં આપ્યાં છે પણ આમાંનાં કેટલાંક નામ સૂર્યનાં આ પ્રકારનાં સંસ્કૃત સ્તવનોમાં હોય છે તેવાં સામાન્ય નામ છે. પણ કેટલાંક નવાં પણ છે ગુજરાતીમાં સૂર્યનાં નામ આવી રીતે આપવાનો આ પ્રયત્ન નોંધપાત્ર છે. એણે કેટલીક વાર્તાઓમાં વિગતોમાં ફેરફાર કર્યા છે તેમાં ૨૬મી કામધેનુની વાર્તામાં ઈન્દ્ર વિક્રમની પ્રશંસા કરે છે તેના ઉપર ઈંદ્રાણીને અશ્રદ્ધા થાય છે અને તે વિક્રમની પરીક્ષા કરવા દેવને મોકલે છે એવું વર્ણન છે ત્યાં ઈંદ્રાણીની માણસજાત પ્રત્યેની અશ્રદ્ધા દર્શાવતી ઉક્તિ નોંધપાત્ર છે.

એકંદરે આ કૃતિ અભ્યાસીને આકર્ષક છે. એમાં જ્ઞાનચંદ્ર સાથે સામ્ય ઠીક ઠીક પ્રમાણમાં છે અને તેટલા પૂરતો આ કવિ પરોપજીવી ગણી શકાય એમ છે છતાં આવી વાર્તાઓ એક પરંપરામાં ચાલી આવતી હોય છે અને કવિઓ એનો સામાન્ય નિધિ તરીકે ઉપયોગ કરતા હોય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. દરેક કવિ ઉપર આવી કૃતિઓ પૂરતી કોઈને કોઈ પુરોગામીની ઓછીકે વધુ છાપ પડી હોય છે, અહીં કવિએ કેટલીક કડીઓ પુરોગામીમાંથી સીધી ઉઠાવી છે તો કેટલેક સ્થળે પ્રસંગોને બહલાવીને વિસ્તારપૂર્વક રજૂ પણ કર્યા છે, તેમજ વર્ણનોમાં ઝીણી વિગતોની નકશી પૂરી છે. શૈલીની સરલતા, પ્રાસાદિકતા, તેનો વેગ, છંદ ઉપરનું પ્રભુત્વ, અલંકારોનો યોગ્ય ઉપયોગ, લોકમાનસનું, સમાજના રિવાજોનું, પુરાણકથાઓનું અને અમુક અમુક વિષયો ઉપરનું સામાન્ય જ્ઞાન, તેને લગતા

સામાન્ય વિધાનો, ખાસ કરીને સ્ત્રીચરિત્રની નિંદા, વિવિધ પ્રકારના અને વિવિધ રસની અનુભવ કરાવતાં વર્ણનો – આ બધું આ કૃતિઓમાં જોવા મળે છે.

કવિ તરીકે, સંઘવિજય નગણ્ય નથી, ઉલટું એણે પ્રાસાદિક વેગવતી શૈલીમાં લોકપ્રચલિત સદ્‌બોધયુક્ત વાર્તાઓ એટલી આકર્ષકરૂપે રજૂ કરી છે. આ વાર્તાઓનું વસ્તુ આગળ કહ્યું તેમ પૂર્વપરંપરાગત છે, અને એમાં વિષે રચનાઓ કરનાર કવિઓએ યથારુચિ યથાશક્તિ એનો ઉપયોગ કરેલો છે. અહીં તો માત્ર એ વાર્તાઓ એણે કેવી રીતે રજૂ કરી છે અને એના જમાનાનો ખ્યાલ કરતાં લોકોને એ કેવી લાગી હશે એ દૃષ્ટિ ધ્યાનમાં રાખવી યોગ્ય લાગે છે અને એ દૃષ્ટિએ જોતાં આ કવિની ભિન્ન ભિન્ન રુચિવાળાને આકર્ષક થઈ પડે એવી ભિન્ન ભિન્ન સામગ્રીનો યોગ્ય સમન્વય કરતી કૃતિ, ગણનાપાત્ર કૃતિ છે એમાં કંઈ સંશય નથી.